ક્રિમીનલ કેસ નં.૮૫૦૦/૧૭

૭ ફરિયાદપક્ષનાં કેસની હકીકતો ધ્યાને લીધી.તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ છે.

૮. ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ અને તેઓની પ્લી આંક––– થી નોંધતા, તેઓએ સ્વૈછીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે.આ અંગે આંક–––– થી કબુલાત પુરસીસ પણ રજુ કરેલ છ. અને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતાં અને વ્યાજબીકારણો હોવાનું જણાવે છે. આરોપીને જણાવતાં કેતમો ગુન્હો કબૂલ કરવા બંધાયેલ નથી તેમ છતાં પણ સ્વૈછીક રીતે ગુન્હો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ પણ રજુ કરે છે.

૯. આરોપી સામે બોમ્બે પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ: ––– નું તહોમત છે. આરોપીની મૌખીક રજુઆત તેમજ કબુલાત પુરસીસ વંચાણે લેતાં,આરોપી નાની ઉંમરનાં ગરીબ અને મધ્યમ વર્ગનાં માણસ જણાયછે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાવનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા માણસ છે. તેમજ ગરીબીને લીધે બચાવ ઠરાવ સમક્ષ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે. તેઓ જણાવે છે કે, તેઓ સામે આ પ્રથમ ગુન્હો છે તેમજ ભવિષ્ય બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. આમ, આરોપીએ તેઓને ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે.આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો તેમજ તેઓની રજુઆત ધ્યાને લેતાં ,તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચીત જણાય છે.

૧૦. નામદાર ગુજરાત વડી અદાલતે ગુજરાત સરકાર વિરુધ્ધ નટવર હીરાચંન્દજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે જો પુરતાં અને વ્યાજબી કારણો હોય તો કેસની હકીકતોને ધ્યાને લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા તેમજ દંડ કરવાની સતા છે સદરહું ચુકાદાના ફકરા –૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના ં કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. આથી, આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ તેમજ કાયદાની કલમ ––– મા જણાવેલ સજાની જોગવાઈઓ ધ્યાને લઈ , અત્રેની અદાલતને આરોપીને ન્યુનતમ સજા કરવી યોગ્ય અને ન્યાયોચિત જણાય છે. આથી આરોપીને તેમજ વિધ્વાન એપી.પી.શ્રીને સજા અંગે સાંભળ્યા બદ, ન્યાયના હિતમાં, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

::: <u>હુ ક મ</u> :::

આ કામનાં આરોપી: ચિરાગ પટેલ ને ફોજદારી કાર્યરીતીસંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે બોમ્બે પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમને –––– મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી, કોર્ટ ઉઠતાં સુધીની સજા તેમજ રૂ. ૩૦૦/– (કુલ રૂપિયા ત્રણસો પુરા ) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દરેક ગુન્હાના દંડ બદલ દિન–૩ લેખે સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જાત– મુચરકા અને જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયત અનુસાર નિકાલ કરવો.

આજ તા. ૨૨ માહે...... જુલાઈ સને ૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો .

તારીખ:

અમદાવાદ(ગ્રામ્ય)

તૃપ્તિબેન અમૃતલાલ ભાડજા
૮માં એડી. સીવીલ જજ એન્ડ જયુ.મેજી.ફ.ક
અમદાવાદ (રૂરલ)

ε